
## દમણમાં બે દિવસમાં 9 ઈંચ વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયાં

**રવિવારે** રાત્રિ દરમિયાન 6.3 અને સોમવારે 3.70 ઈંચ વરસાદ વરસ્યો



દમણ: સંઘપ્રદેશ દમણમાં રાત્રિ દરમિયાન ખાબકેલા વરસાદને પગલે ઠેરઠેર પાણી ભરાવાનાં દૃશ્યો જોવા મળ્યાં હતાં. દમણમાં સોમવારની વહેલી સવારે નાની દમણના કોલેજ રોડ, મશાલ ચોકથી એરપોર્ટ રોડ, ખારીવાડ, બસ ડેપો, નાઈટ માર્કેટ રોડ, કડૈયા સહિત અન્ય વિસ્તારના રસ્તાઓ પર પાણી ફરી વળતા થોડા સમય માટે વાહનવ્યવહાર ખોરવાતા સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બની જવા પામ્યું હતું. બીજી તરફ શેરી મહોલ્લાઓમાં પણ વરસાદી પાણી ઘૂંટણ સુધી ભરાઈ જતાં બાળકોએ નાહવાની મઝા માણી હતી. આ તરફ હવામાન વિભાગ દ્વારા ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને મોટી દમણ લાઈટ હાઉસ પાસે 3 નંબરનું સિગ્નલ ફરકાવવામાં આવ્યું છે. તમામ માછીમારોને દરિયો ન ખેડવા તથા કોઈપણ વ્યક્તિને દરિયામાં ન ઉતરવા પ્રશાસને અપીલ સાથે ચેતવણી જાહેર કરી છે. દમણમાં મોડી રાત્રિ દરમિયાન 6.3 ઈંચ જેટલો વરસાદ વરસવા પામ્યો હતો. જ્યારે સોમવારના રોજ સવારે 8થી સાંજે 5 વાગ્યા દરમિયાન 3.70 ઈંચ વરસાદ નોંધાયો છે.



## ઉમરગામમાં 4.72 ઈંચ વરસાદ

**ત્રણ** રસ્તા બંધ કરી દેવાયા, સીઝનનો કુલ વરસાદ 27 ઈંચ નોંધાયો

ઉમરગામ: સમગ્ર ઉમરગામ તાલુકામાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે છેલ્લા 24 કલાકમાં 4.72 ઈંચ વરસાદ નોંધાયો છે. વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ત્રણ જેટલા નીચાનવાળા માર્ગો પુલો ઉપર પાણી ફરી વળતા સુરક્ષા કારણોસર બંધ કરી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ઉમરગામ તાલુકામાં ગત મંગળવારથી શરૂ થયેલ વરસાદનું જોર યથાવત જોવા મળી રહ્યું છે. રવિવારે રાત્રે અને સોમવાર સવારથી જ મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. સોમવારે સાંજના ચાર વાગ્યા સુધીમાં પૂરા થતા 24 કલાકમાં 118 મીમી (4.72 ઈંચ)વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના કારણે ઉમરગામ તાલુકામાં ઉમરગામ ટાઉન સ્ટેશન રોડ ઉપર ઘણી જગ્યાએ વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. સતત વરસી રહેલા વરસાદના કારણે જંબુરી છીપવાડથી પુનાટ તરફ જતો રસ્તો તથા ગોવાડા કંકરારી નીચાણવાળો પુલ રોડ અને ટેંભી વારોલી નદીથી મહાદેવ મંદિર તરફ જતો નીચાણ વાળો રસ્તા ઉપર પાણી ફરી વળ્યા હતા. સુરક્ષા કારણોસર વાહન વ્યવહાર માટે બંધ કરવો પડ્યો હતો. પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સરીગામમાં જીઆઈડીસી મેઈન રોડ ઉપર વૃક્ષ તૂટી પડતા થોડો સમય માટે વાહન વ્યવહારને અસર પહોંચી હતી.

છેલ્લા એક અઠવાડિયાથી સતત વરસી રહેલા વરસાદના કારણે નદી નાળા, તળાવ, કૂવામાં નવાં નીર આવ્યાં છે. વાવણી લાયક વરસાદથી ખેડૂતો પણ ખુશખુશાલ જોવા મળ્યા હતા.

## વાપીમાં 3, ઉમરગામ, કપરાડામાં 2 ઇંચથી વધુ વરસાદ ખાબક્યો

**વલસાડ** જિલ્લામાં વરસાદી માહોલ યથાવત : શહેરથી જંગલ સુધી ચોમાસાની રમઝટ



વલસાડ: વલસાડ જિલ્લામાં ચોમાસાએ જમાવટ કરતાં સર્વત્ર વરસાદી માહોલ યથાવત્ રહ્યો છે. છેલ્લા 24 કલાક દરમિયાન જિલ્લામાં સરેરાશ 1.55 ઈંચ વરસાદ નોંધાતા નદીઓ, નાળા અને જળાશયોમાં નવાં નીરની આવક થઈ છે. શહેર વિસ્તારથી લઈને ધરમપુર-કપરાડાના જંગલ વિસ્તારો સુધી ચોમાસાની હરિયાળી છવાઈ ગઈ છે.

વલસાડ શહેરમાં આજે પણ વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. ખાસ કરીને એમ.જી. રોડ પર વરસાદી પાણી ભરાતા વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. દુકાનો અને વેપારી સંસ્થાઓની સામે પાણી ભરાઈ જતા ગ્રાહકોની અવરજવર પર પણ માઠી અસર પડી હતી. પાણીના ઝડપી નિકાલ માટે વલસાડ નગરપાલિકા દ્વારા ગંગલી ખાડી ઉપરનો સ્લેબ તોડી પાણીની અવરજવર સરળ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેના કારણે પાણી ધીમે ધીમે ઉતરવા લાગ્યું હતું.

બીજી તરફ મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે સહિત જિલ્લાના વિવિધ માર્ગો પર પણ વરસાદી પાણી ભરાવાની સ્થિતિ જોવા મળી હતી. હાઈવે પર અનેક સ્થળોએ પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને વાહનવ્યવહાર ધીમો બન્યો હતો. કેટલાક સ્થળોએ વાહનોની લાંબી કતારો પણ જોવા મળી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદે રંગ જમાવ્યો છે. ધરમપુર અને કપરાડાના ડુંગરાળ તથા જંગલ વિસ્તારો લીલાછમ બની ગયા છે. પહાડીઓ પર હરિયાળીની ચાદર પથરાઈ ગઈ છે અને નાનાં-મોટાં ઝરણાંઓ સક્રિય બનતાં કુદરતી સૌંદર્ય ખીલી ઊઠ્યું છે. વરસાદના કારણે ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને ખેતીની કામગીરીને વેગ મળ્યો છે. જિલ્લામાં આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની હવામાન વિભાગ દ્વારા શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જેના પગલે તંત્ર પણ સતર્ક બન્યું છે.

### ગણદેવી નજીક નેરોગેજ ગરનાળામાં કાર ફસાઈ

બીલીમોરા: ગણદેવી તાલુકા અને ઉપરવાસમાં ભારે વરસાદને પગલે પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. દરમિયાન ગણદેવી -બીલીમોરા બંધારા પુલવાળા માર્ગ ઉપર પનિહારી ખાડી નજીક નેરોગેજ અંડરપાસમાં પાણીનો ભરાવો હતો. તે દરમિયાન સોમવાર વહેલી સવારે ૪:૨૮ કલાકે બીલીમોરા તરફ આવતી ટાટા પંચ કાર નં. જીજે ૩૨ એ એ ૪૬૪૭નાં ચાલકે અંડર પાસમાં પાણીનો ભરાવો હોવા છતાં કાર દોડાવી હતી. જે અંડરપાસમાં પાણીને પગલે ખોટકાઈ હતી. દરમિયાન કારને પાણીમાંથી કાઢવા ગણદેવી ફાયર ફાઈટર વિભાગને જાણ કરાઈ હતી. તે સાથે ફાયર ફાઈટર ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી લાંબા દોરડાથી બાંધી કારને હેમખેમ ખેંચી કાઢી હતી. ચાલકનો બચાવ થયો હતો.

### ચીખલીમાં સાડા ચાર ઇંચ વરસાદ

**કાવેરીનું** જળસ્તર વધ્યું, મોસમનો કુલ વરસાદ 30 ઈંચ થયો

ઘેજ: ચીખલી તાલુકામાં સતત ત્રીજા દિવસે વરસાદનું જોર યથાવત્ રહેતા હાઇવેના સર્વિસ રોડ ઉપર પાણી ભરાતા વાહન ચાલકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સવારના સમયે હાઇવે સ્થિત વિઝીબીલીટી ઝીરો થઈ જતા લાઇટ ચાલુ કરી વાહન હંકારવાની નોબત આવી હતી. ચીખલી તાલુકામાં વીતેલા ૨૪ કલાકમાં ૧૧૧ મીમી (૪.૪૪) ઈંચ નોંધાયો છે. જ્યારે તાલુકામાંથી પસાર થતી કાવેરી નદીના જળસ્તરમાં વધારો થતાં કાવેરી નદી સ્થિત તડકેશ્વર મહાદેવજીનું મંદિરમાં છેલ્લા ત્રણ દિવસથી કુદરત જાણે પોતે જ જળાભિષેક કરી રહ્યા હોય તેવું ફલિત થવા પામ્યું છે. આ સાથે તાલુકામાં સીઝનનો કુલ ૩૦.૦૪ ઈંચ વરસાદ નોંધાવા પામ્યો છે.

### ગણદેવી તાલુકામાં 3 ઇંચથી વધુ વરસાદ: જળાશયો છલકાયાં

બીલીમોરા: ગણદેવી તાલુકામાં સોમવાર સાંજે ૪ કલાકે વીતેલા ૨૪ કલાકમાં વધુ ૮૭ મીમી (૩.૮૪ઈંચ) સાથે મોસમનો ૬૧૦ મીમી (૨૪.૪ ઈંચ) વરસાદ નોંધાયો હતો. ગણદેવી તાલુકા સાથે બીલીમોરામાં મેઘરાજાએ જુલાઈમાં જમાવટ કરી છે. ગણદેવીમાં રવિવાર સાંજે ૬થી ૮ વચ્ચે માત્ર બે કલાકમાં ૬૦ મીમી વરસાદ વરસ્યો હતો. ગણદેવીનાં કોલવાથી કછોલી જતા મુખ્યમાર્ગ ઉપર વરસાદી પાણી ફરી વળ્યાં હતા. જિલ્લા માર્ગ મકાન વિભાગે બીલીમોરા-અમલસાડ માર્ગ ઉપર અંબિકા નદી પૂલ ઉપર એપ્રોચનું ફરી સમારકામ કરી માર્ગ ધબકતો રાખ્યો હતો. અવિરત વરસાદને પગલે અનેક જળાશયો છલકાઈ ઉઠ્યા હતા.

## ડાંગ જિલ્લામાં 6 ઇંચ, નદીઓ બની ગાંડીતૂર

**ત્રણ** રસ્તા પર કોઝ-વે પરથી પણી પસાર થતાં ત્રણેય રસ્તા વાહનવ્યવહાર માટે બંધ કરાયા

સાપુતારા: ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી ડાંગના આહવા, વઘઈ અને સુબિર તાલુકા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં ફરી એકવાર મેઘાનું તાંડવ જોવા મળ્યું છે, જેનાં કારણે અત્યાર સુધી લોકો માટે સુખાકારી સમાન ગણાતી લોકમાતાઓ (નદીઓ) હવે અતિવૃષ્ટિને કારણે ગાંડીતુર બની ગઈ છે. જિલ્લાના અમુક પંથકોમાં મધ્યમ તો કેટલાક વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદ ખાબકતા અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીઓ બંને કાંઠે વહેતી થઈ છે. નદીઓમાં પૂર જેવાં દશ્યો વચ્ચે જંગલ વિસ્તારમાં આવેલા વહેળા, કોતરો, ઝરણાં અને નાના-મોટા જળધોધ અખૂટ પાણીના જથ્થા સાથે વેગવંતા બની ગયા હતા. અવિરત વરસી રહેલા આ વરસાદને કારણે જિલ્લાના અનેક આંતરિક માર્ગો અને કોઝવેને વ્યાપક નુકસાન પહોંચ્યું છે, જ્યારે નદી કાંઠાનાં ખેતરોમાં ધોવાણ થવાના અહેવાલો પણ મળી રહ્યા છે.

રવિવારે મોડી રાતથી શરૂ કરીને સોમવાર દરમિયાન સાપુતારા, આહવા, વઘઈ, સુબિર, ચીંચલી, સાકરપાતળ, ભેંસકાતરી, કાલીબેલ, બરડીપાડા અને બોરખલ સહિતના પૂર્વપટ્ટી તેમજ સરહદીય પંથકોમાં અતિભારે વરસાદ નોંધાયો હતો. ડાંગ જિલ્લામાં સતત વરસાદના કારણે રવિવારે રાત્રે કોઝવે કમ પુલો અવરોધાયા હતા. વહેલી સવારે વરસાદ ઓછો થતા દિવસ દરમિયાન માત્ર વઘઈ તાલુકાના ત્રણ માર્ગો પર કોઝવે અને પુલ ઉપરથી પાણી ફરી વળતાં વાહનવ્યવહાર સલામતીના હેતુસર તાત્કાલિક બંધ કરવામાં આવ્યા છે. જેમાં માછળી-ચીખલા-દિવડિયાવન રોડ, ઘાંગડી-કાનત ફળિયા રોડ તથા ઘોડવહળ વી.એ. રોડનો સમાવેશ થાય છે. સંબંધિત વિભાગ દ્વારા વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યારે જ્યાં વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ નથી ત્યાં સ્થાનિકોને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. માર્ગોની સ્થિતિમાં સુધારો થતાં વાહનવ્યવહાર પુનઃ શરૂ કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, આ સાથે ગિરિમથક સાપુતારા ખાતેના સનરાઈઝ પોઈન્ટના ઘાટ માર્ગમાં ધસી પડેલા પથ્થરો અને માટીનો મલબો સ્થાનિક તંત્ર દ્વારા દૂર કરી દેવામાં આવ્યો છે.. ડાંગ જિલ્લાનાં ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાક દરમિયાન વઘઈ પંથકમાં 83 મિમી અર્થાત 3.32 ઈંચ, સાપુતારા પંથકમાં 153 મિમી અર્થાત 6.12 ઈંચ, સુબિર પંથકમાં 156 મિમી અર્થાત 6.24 ઈંચ, જ્યારે સૌથી વધુ આહવા પંથકમાં 161 મિમી અર્થાત 6.44 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.



## નવસારીમાં ટ્રેનોનાં પૈડા થંભ્યાં: 300 મુસાફરો કલાકો સુધી અટવાયા

**એસ.ટી.** બસ સહિતની વ્યવસ્થા કરી મુસાફરોને ગંતવ્ય સ્થાને પહોંચાડ્યા

નવસારી: મુંબઈમાં અવિરત વરસી રહેલા ભારે વરસાદે પશ્ચિમ રેલવેના મુંબઈ રૂટની ગતિ ધીમી કરી દીધી છે, જેની સીધી અસર દક્ષિણ ગુજરાત સુધી પહોંચી છે. નવસારી, વલસાડ, બિલીમોરા અને વાપી સહિતના સ્ટેશનો પર મુંબઈ તરફ જતી 10થી વધુ ટ્રેનોને સુરક્ષાના કારણોસર સાઈડ ટ્રેક પર રોકી દેવામાં આવી હતી. પરિણામે સેંકડો મુસાફરોને કલાકો સુધી સ્ટેશન પર જ રાહ જોવાની ફરજ પડી હતી.

નવસારી રેલવે સ્ટેશન પર દિવસભર અસામાન્ય દશ્યો જોવા મળ્યા હતા. પ્લેટફોર્મ પર મુસાફરો પોતાના સામાન સાથે ટ્રેન શરૂ થવાની રાહ જોતા નજરે પડ્યા હતા. ટ્રેન ક્યારે ઉપડશે તેની સ્પષ્ટ માહિતી ન મળતાં અનેક મુસાફરો મૂંઝવણમાં જોવા મળ્યા હતા. ખાસ કરીને બાળકો, મહિલાઓ અને વૃદ્ધો સાથે મુસાફરી કરતા પરિવારો માટે આ વિલંબ વધુ મુશ્કેલીભર્યો બન્યો હતો.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રેલવે તંત્રે તાત્કાલિક રાહતના પગલાં લીધા હતા. નવસારી સ્ટેશન પર અટવાયેલા અંદાજે 250થી 300 મુસાફરોને એસ.ટી. બસો અને અન્ય વાહનો મારફતે તેમના ગંતવ્ય સ્થળે મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત પીવાનું પાણી, બિસ્કિટ અને હળવા નાસ્તાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. વેસ્ટર્ન રેલવેની ઝોનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટીના સભ્ય સંજય શાહે જણાવ્યું હતું કે મુસાફરોને અગવડ ન પડે તે માટે સ્થાનિક રેલવે અધિકારીઓ, સ્ટેશન માસ્ટર અને સ્ટાફે સતત સંકલન સાથે કામગીરી કરી હતી અને જરૂરિયાત મુજબ વૈકલ્પિક પરિવહનની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી.

## સેલવાસમાં 24 કલાકમાં 3 ઈંચ, ખાનવેલમાં 2 ઈંચ વરસાદ

**મધુબનડેમમાં** 3,530 ક્યૂસેક પાણીની આવક, 452 ક્યૂસેકની જાવક: જળસપાટી 69.95 મીટરે પહોંચી

વાપી: સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાં ચોમાસું બરાબર જામ્યું છે. મુખ્ય મથક સેલવાસમાં સોમવારે સ વારે ૮ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધીના ૯ કલાકના સમય ગાળામાં સેલવાસામાં ૪૭.૪ મીમી એટલે કે ૧.૮૭ ઈંચ જેટલો વરસા દ ખાબક્યો હતો રસાદને પગલે વિસ્તારના મુખ્ય જળાશય એવા મધુબન ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે. હાલ ડેમમાં ૩,૫૩૦ ક્યૂસેક પાણીની આવક (ઈનફ્લો) થઈ રહી છે, જેની સામે માત્ર ૪૫૨ ક્યૂસેક પાણી છોડવામાં (આઉટફ્લો) આવી રહ્યું છે. હાલ ડેમની વર્તમાન જળસપાટી ૬૯.૯૫ મીટર પર પહોંચી છે. દાદરા અને નગર હવેલી (DNH)માં ચોમાસાની સિઝન જામી છે. છેલ્લા ૨૪ કલાકમાં સમગ્ર પ્રદેશમાં સરેરાશ ૬૨.૮૦ મિમી (આશરે ૨.૪૭ ઈંચ) વરસાદ નોંધાયો છે. વિસ્તારવાર વરસાદની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં સેલવાસમાં ૬૫.૪ મિમી (૨.૫૭ ઈંચ) અને ખાનવેલમાં ૬૦.૨ મિમી (૨.૩૭ ઈંચ) વરસાદ ખાબક્યો છે.

### પારડીના ચિવલ રોડ પર ઘૂંટણસમા પાણી ભરાયા

પારડી: પારડી પંથકમાં સોમવારે વહેલી સવારથી જ હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. પારડીના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતાં. ભારે વરસાદના પગલે પારડીના મુખ્ય ચીવલ રોડ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. રસ્તાઓ પર પાણી ફરી વળતાં સમગ્ર માર્ગ બેટમાં ફેરવાયો હોય તેવા દૃશ્યો સર્જાયા હતાં. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં વાહનચાલકોને ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. ચીવલ રોડ પર પાણીનો ભરાવો થવાના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો.

## રેલવે વ્યવહાર ઠપ થતાં દક્ષિણ ગુજરાતનાં સ્ટેશનો પર અનેક ટ્રેનો શોર્ટ-ટર્મિનેટ કરાઈ

**મુસાફરો** માટે પ્રથમ વખત રેલવે સ્ટાફ દ્વારા ફૂડ પેકેટ અને પાણીનું વિતરણ કરાયું : એરપોર્ટ જનારા પ્રવાસીઓ અટવાતા ખાનગી ટ્રાવેલ્સની કારનો સહારો લેવા મજબૂર



વલસાડ: મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં તૂટી પડેલા ભારે વરસાદને કારણે મુંબઈ ડિવિઝનના સફાલે, કેળવે રોડ, વસઈ રોડ અને નાલાસોપારા સ્ટેશનો પર રેલવે ટ્રેક પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ટ્રેક પર પાણી ફરી વળવાના કારણે પશ્ચિમ રેલવેની મુંબઈ તરફ જતી વાહનવ્યવહાર સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન દ્વારા મુંબઈ તરફ જતી અનેક લાંબા અંતરની ટ્રેનોને દક્ષિણ ગુજરાત અને સરહદી સ્ટેશનો પર જ ટૂંકાવી (શોર્ટ-ટર્મિનેટ) દેવામાં આવી હતી. આ તમામ ટ્રેનોને નિર્ધારિત સ્ટેશનો પરથી જ સુધારેલા સમયપત્રક મુજબ રિવર્સ દિશામાં પરત દોડાવવામાં આવશે.

ટ્રેન વ્યવહાર આકસ્મિક રીતે ખોરવાઈ જતાં મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ફ્લાઈટ પકડવા જઈ રહેલા સેંકડો મુસાફરો અધવચ્ચે જ અટવાઈ પડ્યા હતા. ફ્લાઈટ ચૂકી જવાની ભીતિ વચ્ચે એરપોર્ટના મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા, જેને પગલે તેઓએ સમયસર એરપોર્ટ પહોંચવા માટે મસમોટું ભાડું ચૂકવીને પણ ખાનગી ટ્રાવેલ્સની કારનો સહારો લેવો પડ્યો હતો.

બીજી તરફ, રેલવેના ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત સરાહનીય દશ્યો જોવાં મળ્યાં હતાં. ટ્રેનો અટકી પડતાં મુસાફરો હેરાન ન થાય તે માટે રેલવે સ્ટાફ પોતે સ્ટેશનો પર દોડી આવ્યો હતો અને પ્રવાસીઓને મફતમાં પીવાનું પાણી તેમજ ફૂડ પેકેટોનું વિતરણ કરતો જોવા મળ્યો હતો. રેલવે તંત્રની આ ત્વરિત કામગીરીથી મુસાફરોને મોટી રાહત થઈ હતી.

રેલવે વિભાગ દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર યાદી મુજબ, આઝમગઢ-બાંદ્રા ટર્મિનસ (05183) ટ્રેનને સંજાણ સ્ટેશન સુધી, સુરત-વિરાર (19002) ટ્રેનને ઉમરગામ રોડ સુધી અને અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસ (12934)ને વલસાડ સ્ટેશને જ શોર્ટ-ટર્મિનેટ કરાઈ છે. આ ઉપરાંત જોધપુર-બાંદ્રા ટર્મિનસ સૂર્યનગરી એક્સપ્રેસ (12479) વાપી સુધી, અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ ડબલ ડેકર (12932) સુરત સુધી, જયપુર-બાંદ્રા ટર્મિનસ (09705) ઉધના સુધી અને અજમેર-દાદર એક્સપ્રેસ (12990) ટ્રેનને નવસારી સ્ટેશન સુધી જ દોડાવવામાં આવી છે.

અટવાયેલા પ્રવાસીઓને તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડવા માટે રેલવે દ્વારા ખાસ એસ.ટી. અને લક્ઝરી બસોની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. જે અંતર્ગત ભિલાડ સ્ટેશનથી બોરીવલી માટે ૨ બસો અને વાપી માટે ૧ બસ રવાના કરાઈ છે. આ ઉપરાંત સંજાણથી મુંબઈ માટે ૧ બસ, વલસાડથી મુંબઈ માટે ૨ બસો, નવસારીથી મુંબઈ માટે ૩ બસો તેમજ વાપી સ્ટેશનથી મુંબઈ માટે ૨ બસો દોડાવવામાં આવી છે અને મુસાફરોનો ધસારો જોતાં વાપીથી વધુ ૩ બસો દોડાવવાનું આયોજન ચાલી રહ્યું છે.


पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

એઆરએમબી સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩ ફોન : ૮૧૪૬૦૯૨૮૭૭, ૯૬૨૪૫૭૭૨૨૫ email : cs8323@pnb.bank.in

**સ્થાયી મિલકતની ઈ-હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ**

**ઈ-હરાજી તા.૧૪.૦૮.૨૦૨૬ । નિરીક્ષણ તા. ૧૩.૦૮.૨૦૨૬ સુધી કામકાજ ના દિવસો માં (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) । ઈ-હરાજીના સમય સુધીમાં ઈએમડી જમા કરાવવી જોઈએ**

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) સાથે વાંચતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ ૨૦૦૨ હેઠળ સ્થાયી મિલકત માટેની ઈ-હરાજીની વેચાણ નોટીસ. આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિક્યોર્ડ ક્રેડીટર્સને હાઈપોથીકેટેડ/ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો પંજાબ નેશનલ બેંક, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે **તારીખ ૧૪.૦૮.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા ૧૦ મીનીટના સુધી માટે કરવામાં આવશે.** પંજાબ નેશનલ બેંક, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા નીચે દર્શાવેલ દેવાદારો, ગીરવેદારો અને નીચે દર્શાવેલ જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. સ્થાયી મિલકતની વિગત સરકારી/અર્ધસરકારી લેણાંની વિગત જો હોય તો તેની સાથે નીચે મુજબ છે.

| નં. | શાખાનું નામ<br>ખાતાનું નામ<br>દેવાદાર/ જામીનદારોનું નામ અને સરનામું | સુરક્ષિત કરેલ મિલકતની વિગત<br>ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતો ના ગીરવેદારો) | અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ<br>બ) તા.૩૦.૦૬.૨૦૨૬ ના રોજ બાકી રકમ + વધારાનું વ્યાજ અને તેના પર ખર્ચા જો કોઈ રીકવરી થઈ હોય તો<br>ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ<br>ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક | અ) અનામત કિંમત<br>બ) ઈએમડી<br>ક) બોલી વધારાની રકમ<br>(રૂા. લાખમાં) | સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત<br>Property ID : |
|---|---|---|---|---|---|
| ૧ | **પીએનબી : મજુરા (૦૭૯૧૦૦)**<br>**૧) શ્રી ડિવામીરા સીલ્ક (એક માલિકની પેઢી)** દુકાન નં. ૮૧૧૩/૧૧૪, મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ-૪, રીંગ રોડ, ભાઠેના, સુરત ૩૯૫૦૦૨ ગુજરાત.<br>**રહેઠાણ :** દુકાન નં. ૪૫/૪૬, મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ -૪, રીંગ રોડ, ભાઠેના, સુરત ૩૯૫૦૦૨ ગુજરાત.<br>**શ્રી અમીત કુમાર અગ્રવાલ તે દિનદયાલ અગ્રવાલ ના પુત્ર (માલિક ડિવામીરા સીલ્ક) કુમારી નુપુર અમીત અગ્રવાલ તે અમીત અગ્રવાલ ના પુત્રી (જામીનદાર)** ૬૦૧, ૬થો માળ, બ્લોક સી, અમૃત કુંજ એપાર્ટમેન્ટ, ભટાર રોડ, અઠવા, સુરત, ગુજરાત ૩૯૫૦૦૧<br>**શ્રીમતી મમતા અગ્રવાલ તે રવી અગ્રવાલ ના પત્ની (જામીનદાર):** ઈ ૩૦૮ આર્શીવાદ પેલેસ જીવકોર નગર, ભટાર ચાર રસ્તા નજીક, સુરત, ગુજરાત- ૩૯૫૦૦૭ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ -૪ નામે ઓળખાતો ગ્રાઈન્ડ ફ્લોર કોર્મશીયલ કોમ્પલેક્ષ ની દુકાન નં. ૪૫ માપ ૬૪૫.૪૦૯ ચો.ફુટ (બિલ્ટઅપ એરિયા) એટલે ૫૯.૯૬૦ ચો.મી બરાબર અને ૬૨૦.૪૪૮ ચો.ફુટ (કારપેટ એરિયા) એટલે ૫૭.૬૪૧ ચો.મી વણવહેચાયેલ હિસ્સા રોડ અને સીઓપી સહિત માપ ૨૦૨.૪૫૯ ચો.ફુટ. એટલે ૧૮.૮૦૯ ચો.મી જમીન ઉપર થયેલ બિલ્ડીંગના બાંધકામ નો રેવન્યુ સર્વે નં.૬૮+૨૯૫ પૈકી ૧ માપ ૪૭,૦૩૭ ચો.મી, મોજે. ઉધના, જુનો તાલુકા. સીટી સુરત, નવો તાલુકા. ઉધના, જી.સુરત, ખાતે **શ્રીમતી નુપુર અમીત અગ્રવાલ** ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વે :** જોડેની ખાડી, **પશ્ચિમે :** જોડેનો રે.સ નં. ૬૭, **ઉત્તરે :** જોડેની ખાડી, **દક્ષિણે :** જોડેનું રેલ્વેની હદ.<br>તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ -૪ નામે ઓળખાતો ગ્રાઈન્ડ ફ્લોર કોર્મશીયલ કોમ્પલેક્ષ ની દુકાન નં. ૪૬ માપ ૬૩૮.૧૯૮ ચો.ફુટ (બિલ્ટઅપ એરિયા) એટલે ૫૯.૨૯૦ ચો.મી બરાબર અને ૬૧૯.૩૫૦ ચો.ફુટ (કારપેટ એરિયા) એટલે ૫૭.૫૩૯ ચો.મી વણવહેચાયેલ હિસ્સા રોડ અને સીઓપી સહિત માપ ૨૦૦.૧૯૭ ચો.ફુટ. એટલે ૧૮.૫૯૯ ચો.મી જમીન ઉપર થયેલ બિલ્ડીંગના બાંધકામ નો રેવન્યુ સર્વે નં.૬૮+૨૯૫ પૈકી ૧ માપ ૪૭,૦૩૭ ચો.મી, મોજે. ઉધના, જુનો તાલુકા. સીટી સુરત, નવો તાલુકા. ઉધના, જી.સુરત, ખાતે **શ્રીમતી નુપુર અમીત અગ્રવાલ** ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વે :** જોડેની ખાડી, **પશ્ચિમે :** જોડેનો રે.સ નં. ૬૭, **ઉત્તરે :** જોડેની ખાડી, **દક્ષિણે :** જોડેનું રેલ્વેની હદ આવેલ છે. | અ) ૧૧.૦૨.૨૦૨૬<br>બ) રૂા.૩,૨૦,૧૯,૫૫૮.૯૫ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૧૮.૦૪.૨૦૨૬<br>ડ) સાંકેતિક કબજો | અ)રૂા.૧૮૬.૦૦<br>બ) રૂા.૧૮.૬૦<br>ક) રૂા.૧.૦૦ | જાણમાં નથી<br>PUNB 079100 DIVAMIRA |

નિયમો અને શરતો : વેચાણ સિક્યોરિટી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિર્ધારિત નિયમો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધીન રહેશે. **૧.** મિલકતો **'જેમ છે જ્યાં છે તેના આધારે'** અને **'જેમ છે જે છે તેના આધારે'** અને **'જેમ છે ત્યાં છે તેના આધારે'** વેચવામાં આવી રહી છે. **૨.** સરક્ષિત સંપત્તિઓની વિગતો ઉપરોક્ત સૂચિમાં ઉલ્લેખિત બાબતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે, પરંતુ અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ભૂલ માટે જવાબદાર રહેશે નહીં **૩.** જો હરાજી કરાયેલ મિલકત સાંકેતિક કબજામાં હોય, તો મિલકતના પ્રત્યક્ષ કબજાની પ્રાપ્તિ પછી અને મિલકતના પરિસરમાં પડેલી કોઈપણ જંગમ વસ્તુઓની નિકાલ કર્યા પછી જ સફળ ખરીદનારને પ્રત્યક્ષ કબજો આપવામાં આવશે. **૪.** વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઈટ https://baanknet.com પર **તારીખ ૧૪.૦૮.૨૦૨૬ નારોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી** કરવામાં આવશે. પૂરા પાડવામાં આવેલ ઈ-ઓક્શન પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવશે. **૫.** સફળ બોલી લગાવનાર દ્વારા બેંક ને વેચાણ વિચારણાની ચુકવણી આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ 194-1A હેઠળ TDS ને આધીન રહેશે અને TDS સફળ બોલી લગાવનાર દ્વારા બાકીની ૭૫% બોલી રકમ /બોલી રકમની સંપૂર્ણ ડિપોઝિટ જમા કરાવતી વખતે જ કરવાનો રહેશે. **૬.** ખરીદનાર/ ખરીદનાર (સૌથી વધુ બોલી લગાવનાર) એ SARFAESI એક્ટ ૨૦૦૨ હેઠળ બેંક દ્વારા વેચવામાં આવેલી સ્થાવર મિલકતોના વેચાણની રકમ પર જ્યાં, લાગુ પડે ત્યાં, આવકવેરા કાયદા ૧૯૬૧ ની કલમ 1941A મુજબ TDS કાપવા અને જમા કરાવવાની જરૂર છે, જેમાં ફોર્મ નં. 26QB રજૂ કરતી વખતે, સ્થાવર મિલકતના માલિક/ગીરો (ઉધાર લેનાર/જમીનદાર)ના નામે અને પાન નંબરનો સમાવેશ થાય છે. **૭.** વેચાણની વિગતવાર શરતો અને શરતો માટે, કૃપા કરીને https://baanknet.com અને www.pnb.bank.in નો સંદર્ભ લો અથવા મો : ૮૧૪૬૦૯૨૮૭૭, ૯૬૨૪૫૭૭૨૨૫ પર કોલ કરો. **૮.** કાનુની પ્રક્રિયા દ્વારા પ્રત્યક્ષ કબજો મેળવ્યા પછી સાંકેતિક કબજામાં રહેલી મિલકતો સફળ બોલી લગાવનારને સોંપવામાં આવશે. **૯.** કોઈપણ કાનુની/કોર્ટ કાર્યવાહી અને/અથવા અધિકૃત અધિકારીના નિયંત્રણ બહારના કારણોસર પ્રત્યક્ષ કબજો મેળવવામાં કોઈપણ વિલંબ માટે અધિકૃત અધિકારીની જવાબદાર રહેશે નહીં.

SCAN HERE For detailed Terms & Conditions

**સરફેસી એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ**
**(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)**

તા.૦૭.૦૭.૨૦૨૬ । સ્થળ : સુરત — ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત ક્રેડીટર